અમદાવાદ શહેર પોલીસ

**ઇસનપુર પોલીસ સ્ટેશન**

અમદાવાદ શહેર

ફોન નં. ૦૭૯- ૨૫૪૩૦૧૮૦

Email.ID-polstn-isanpur-ahd@gujarat.gov.in

અમદાવાદ શહેર પો


# PRESS NOTE

## ઇસનપુર પોલીસ સ્ટેશન

**દિવાળીના તહેવારો દરમ્યાન ઘરફોડ ચોરીના આરોપીને પકડી પાડી** *ઇસનપુર પો.સ્ટેશન ફ.ગુ.ર નં ૧૬૦/૨૦૧૯* ઇ.પી.કો કલમ ૪૫૭,૩૮૦ મુજબનો તથા ***મણીનગર પો.સ્ટેશન ફ.ગુ.ર.નં ૯૦/૨૦૧૯*** ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો ડીટેકટ કરતી **ઇસનપુર પોલીસ**

**મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર મિલ્કત સબંધી ગુનાઓ બનતા તથા વણ શોધાયેલા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમા પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ બનાવવાળી જગ્યાએથી સી.સી.ટી.વી ફુટેજ મળેલ હોય જે ફુટેજમા જણાતા ઇસમની તપાસ માટે સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ વી.એન.ભરવાડ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા ફરતા હતા દરમ્યાનમા *અ.હે.કો મોહંમદઅશરફ ઇસ્માઇલભાઇ તથા લોકરક્ષક અનિરૂધ્ધસિંહ જાલુભા તથા લોકરક્ષક રોહીતસિંહ નટુભા*નાઓને સયુક્ત બાતમી મળેલ કે મંગલમુર્તિ કોમ્પલેક્ષમા વકિલની ઓફીસમા રોકડા રૂપિયા તથા એલ.ઇ.ડી ટીવીની ચોરી થયેલ તેના સી.સી.ટી.વી ફુટેજમા જણાતો ઇસમ ચંડોળા તળાવના છાપરા બંગાળીવાસ મુસ્તુફા મસ્જીદ પાસે રહેતો ઇરફાન સૈયદ છે** અને તે હાલમા પી.ડબલ્યુ.ડી ના ઢાળ તરફથી એક કાળા કલરની એકટીવા નંબર જી.જે-૦૧ એમ.જે-૫૭૬૧ ની લઇને તેના ઘર તરફ જવાનો છે જે હકિકત આધારે વોચ કરી એકટીવા લઇને આવેલ ઇસમ ઇરફાન સ/ઓ અબ્દુલભાઇ અનવરભાઇ સૈયદ ઉ.વ ૨૩ રહે, મુસ્તુફા મસ્જીદ પાસે બગળીવાસ કાચા છાપરા ઇસનપુર અમદાવાદ શહેરનાને પકડી પાડી એકટીવા ચાલકનો ચહેરો સી.સી.ટી.વી ફુટેજમા જણાતા ચહેરા સાથે સરખાવી જોતા મળતો આવતા અને સદરીની એકટીવાની ડેકીમાથી ચોરીનો મુદ્દામાલ જુદા-જુદા દરની નોટો રોકડા નાણા રૂપિયા ૧,૩૫,૬૨૦/- મળી આવતા જે ઇસનપુર પો.સ્ટેશન ફ.ગુ.ર.નં ૧૬૦/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૪૫૭,૩૮૦ મુજબના ગુનામા ચોરીમા ગયેલ તે હોવાનુ આરોપી કબુલાત કરતા તે નાણા તથા સદરીની પાસેની એકટીવા ગાડી જે પોતે મણીનગર વિસ્તારમાથી ચોરી કરેલ હોવાની કબુલાત કરતા જે બાબતે મણીનગર પોલીસ સ્ટેશનમા તપાસ કરતા મણીનગર પો.સ્ટેશનમા ફ.ગુ.ર.નં ૯૦/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય તે રોકડા નાણા તથા એકટીવા મળી કુલ રૂપિયા ૧,૫૫,૬૨૦/-નો મુદ્દામાલ તથા બીજા પરચુરણ કાગળો કબ્જે કરી સદરીને ***તા ૨૯/૧૦/૧૯ ના કલાક ૧૯/૩૦*** વાગે ગુનાના કામે અટક કરી પુછપરછ દરમ્યાનમા તેના ઘરેથી સદર ગુનાની ચોરીમા ગયેલ એલ.ઇ.ડી ટીવી કિંમત રૂપિયા ૩૦૦૦/-ની તથા શટર તોડવા માટે ઉપયોગમા લીધેલ વાંદરી પાનુ તથા આરી તથા એક સેમસંગનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૮૦૦૦/-નો ગુનાના કામે કબ્જે કરી તમામ મુદ્દામાલ મળી કુલ રૂપિયા ૧,૬૬,૬૨૦/-નો મુદ્દામાલ કબ્જે કરી ઇસનપુર પોલીસ સ્ટેશન **ફ.ગુ.ર.નં ૧૬૦**/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૪૫૭,૩૮૦ તથા મણીનગર પો.સ્ટેશન ફ.ગુ.ર.નં ૯૦/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ એમ કુલ બે ગુના શોધી કાઢેલ છે તા.૩૦/૧૦/૨૦૧૯

